## જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૨/૦૫/૨૦૨૫ ગુરૂવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૯૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૧૧૪ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪,૭૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૯૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૬૯૩/૨૦૨૫**

**વેજલપુરઃ** યુસુફભાઇ હબીબભાઇ ઘાંચી (ઉ.વ.૩૪)(રહે.મોહંમદયાસીન સોસાયટી, જાંબુવાલા ડેહલો, પ્રણામ સ્કુલ પાસે, સરખેજ) એ તા.૨૧/૦૫/૨૦૨૫ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે માર્ચ/૨૦૨૨ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન વેજલપુર સોનલ સિનેમા આગળ આવેલ તવક્કલ ચાની કીટલી પાસે આરોપી અમીનભાઇ હસમતભાઇ મેમણ (રહે.નીક્કી ડુપ્લેક્ષ હાજીસુલેમાનપાર્ક રઝાક મસ્જીદ પાસે, ફતેવાડી, સરખેજ રોડ) એ પોતાના ગાડી લે-વેચ ના ધંધામાં રોકાણ કરાવાનુ અને ઉચ્ચક નફો આપવાનુ કહી, યુસુફભાઇ ઘાંચીને વિશ્વાસમાં લઇ તેમની પાસેથી કુલ રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- મેળવી લઇ, આપેલ રૂપિયા પરત નહી કરી, યુસુફભાઇ ઘાંચી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.ઠાકોર ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૬૯૪/૨૦૨૫**

**નિકોલઃ** રાજેન્દ્રપ્રસાદ મુનીલાલ ગુપ્તા (ઉ.વ.૬૨)(રહે.સારથી એનેક્ષી ફ્લેટ, એસ.પી.રીંગ.રોડ પાસે, નિકોલ) એ તા.૨૧/૦૫/૨૦૨૫ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૦૪/૨૦૨૫ સવારના કલાક ૭/૩૦ થી ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાની માતાને વ્હીલચેર ઉપર બેસાડી ચાલવા સારૂ નિકળ્યા હતા ત્યારે નિકોલ એસ.પી.રીંગ.રોડ થી પારંતી આવાસ યોજના તરફ જતા રોડના કટ નજીક સરનામું પુછવાના બહાને એક સફેદ રંગની કારમાં આવેલ બે અજાણ્યા પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) એ ભેગામળી વાતચીત કરી, રૂપિયા ૧૦૦ ના દરની એક નોટ આપી "મંદિરમાં મુકીને પુજા કરજો તમારા મમ્મીને સારૂ થઇ જશે" તેમ કહી નજર ચુકવી રાજેન્દ્રપ્રસાદ ગુપ્તાની માતાના ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૧,૩૬,૪૪૯/- ચોરી કરી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.વી.વારીયા ચલાવે છે.

**વટવા જીઆઇડીસીઃ** ક્રિષ્ણકાંત સ/ઓ દિનેશચંદ્ર શર્મા (રહે.પુષ્પ વિહાર સોસાયટી, ઇન્દ્રપુરી ટાઉનશીપ જશોદાનગર) એ વટવા જીઆઇડીસી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૫/૨૦૨૫ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે વટવા જીઆઇડીસી વિંઝોલ એસ.પી.રિંગ રોડ ભારત પેટ્રોલ પંપની બાજુમા આવેલ પંચરની દુકાન આગળ રોડ ઉપર પાર્ક કરેલ પોતાની વેગેનાર કારનો પાછળનો કાચ તોડી, અજાણી વ્યક્તિ કારમાંથી રોકડ રૂપિયા ૨,૨૫,૦૦૦/- મુકેલ બેગ ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી અશ્વિનસિંહ દશરથસિંહ ચલાવે છે.

**<u>વાહનચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૬૯૫/૨૦૨૫</u>**

**નિકોલઃ** ભરતભાઇ માંગીલાલ દેસાઇ (ઉ.વ.૨૭)(રહે.માધવપાર્ક સોસાયટી, રસપાન ચાર રસ્તા પાસે, નિકોલ) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૫/૨૦૨૫ રાતના ૯/૦૦ થી તા.૨૧/૦૫/૨૦૨૫ સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘર આગળ પાર્ક કરેલ પોતાની ટોયોટા ફોર્ચુનર કાર નંબર જીજે.૦૧.ડબલ્યુ.ઇ.૦૬૮૭ કિંમત રૂપિયા ૧૫,૦૦,૦૦૦/- કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.વી.બારીયા ચલાવે છે.

**<u>દાઝી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૬૯૬/૨૦૨૫</u>**

**માધવપુરાઃ** સુનિતાબેન વા/ઓ મનુભાઈ સેનમા (ઉ.વ.૬૦)(રહે.લાભશંકરની ચાલી પાણીની ટાંકી સામે, દુધેશ્વર માધવપુરા) તા.૨૦/૦૫/૨૦૨૫ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ચુલા ઉપર રસોઈ બનાવતા હતા ત્યારે ચુલાની જ્વાળા કપડામાં લાગી જતા, શરીરે ગંભીર રીતે દાઝી જતા સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૦/૦૫/૨૦૨૫ રાતના ૧૧/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ વુ.પો.સ.ઈ.શ્રી બી.યુ.ગંડેચા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૬૯૭/૨૦૨૫</u>**

**સાબરમતીઃ** સાબરમતી ધરમનગર રેલ્વે સ્ટેશન સામે સોપાન-૧૪ ખાતે પોતાની બહેનના ઘરે રહેવા સારૂ આવેલ સોનું ડો/ઓ રામલાલ સૈની (ઉ.વ.૨૩) (રહે.ગામ:- બોરાવડે, તા-મકરાણા જી-નાગોર રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૫/૨૦૨૫ રાતના ૧૦/૦૦ વાગ્યા પહેલા પોતાની બહેનના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ડી.આર.પટેલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી